# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૬ અંક : ૧૮૮

પ્રમુખ

**ધનજી લખમશી સાવલા**

(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી

**અમૃતલાલ ભાણજી નિસર**

(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદક

**અરવિંદ કેશવજી છેડા**

ફોન : ૨૭૫૬૧૯૦૬, ૬૫૫૦૧૯૦૬

મો. ૯૩૯૧૦ ૦૭૨૭૭

સહ-સંપાદકો

**હંસકુમાર સાયલા**

ફોન : ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫

**વસંત પ્રાગજી શાહ**

ફોન : ૬૬૪૬૮૬૧૭, ૯૨૪૬૧૮૮૬૧૭

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન

૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

hydkmm@gmail.com

*મુદ્રક*

**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,

હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કીમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

આપણા સમાજ સંચાલિત, શાંતિ પ્રાયમરી સ્કૂલનાં, બાળ વિદ્યાર્થીઓએ પ્રજાસત્તાકદિનની ઉજમણી, પ્રથમ વખત, કચ્છી કરતાં, શિષ્ટ બદ્ધ બાળસેનાએ રાષ્ટ્રધ્વજ ફરકાવી, વંદન કરી, પૂર્ણસન્માન સાથે સલામી આપી, રાષ્ટ્રગીત ગાયું. ત્યારબાદ, રમતોત્સવ ૨૦૧૧ માં, અંગકસરત, જૂદી જૂદી રમતો તથા કરાટેનાં પ્રયોગોથી, પ્રેક્ષકગણમાં ઉપસ્થિત વાલીઓ તથા સમાજનાં વડીલોની શાબાશી તથા અભિનંદન મેળવ્યા. આખાય કાર્યક્રમમાં, શાળાનાં તમામ શિક્ષકવર્ગની, દિવસોની મહેનત, કેળવણી અને તૈયારી સ્પષ્ટ ઉભરીને દેખાતી હતી. સૌને ઘણાં ઘણાં અભિનંદન.

હાલની રાજકીય પરિસ્થિતિને લક્ષમાં રાખી, રાજ્યનાં શિક્ષણ વિભાગે, શાળા અને કોલેજમાં વર્ષાંત પરિક્ષાઓ પૂરી કરી, માર્ચ આખર સુધી. પરિણામો જાહેર કરવાની સૂચના પાઠવી છે. સમાજનાં વિદ્યાર્થીઓએ તે પ્રમાણે સમયસર પૂરી તૈયારીમાં જોડાઈ જઈ ઉચ્ચતમ પરિણામો મેળવવા પ્રયત્ન કરવા, જેમાં પૂરા પરિવારનો સહકાર જરૂરી છે. સૌને સુંદર પરિણામો માટે શુભેચ્છા પાઠવું છું.

ઉત્તર આફ્રિકાનાં ટચૂકડા દેશ ટયુનીસીઆમાં સરમુખ ત્યારી રાજ્યસત્તા વિરૂધ્ધ ઉદભવેલ પ્રજાવિદ્રોહે, ઠેઠ, બીજા સિમાડાનાં ઈજિપ્તનાં મહાનદેશનાં નાગરિકોમાં, દાયકા જૂની, આપખુદશાહીથી દેશને મુક્ત કરવાની ઝુંબેશ માં જોડી દીધા છે. આખાય આરબ પ્રદેશની રાજા શાહી જેવી સરમુખત્યાર રાજ્યસત્તાઓ ફફડી ઉઠી છે. વિશ્વનાં અર્થકારણ માં, સુએઝ નહેરની મુક્ત હેરફેરનાં જોખમનાં એંધાણથી ક્રૂડ તેલની બજારમાં ભડકો થયો છે. ભારતમાં એની અવળી અસરથી મોંઘવારી વધુ તીવ્ર થશે. નિકાસ વ્યાપારને ફટકો પડશે.

આલ્હાદક શીતકાલની છેલ્લી ઋતુ, શિશિરનો પખવાડીઓ જોતજોતામાં પૂરો થશે. વસંતનાં આગમન સાથે, જૂદી જૂદી સમિતિઓ વસંતોત્સવનાં નવાનવા કાર્યક્રમ રજૂ કરવાની તૈયારીઓમાં છે. જે ટૂંકમાં જાહેર થતા સૌ માણીશું.

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો જેની વેબસાઈટ નિચે મુજબ છેઃ

**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**

# સંપાદકીય

સંપાદક : અરવિંદ કેશવજી છેડા
સહસંપાદકો : હંસકુમાર સાયલા, વસંત પી. શાહ

**સંબંધોની નહીં સ્વાર્થની નહીં પણ પ્રેમની સગાઈ સૌથી મોટી છે.** હકીકત એ છે કે પેન કરતાંય પ્રેમની તાકાત કંઈ ગણીવધુ છે, પેન માત્ર કાગળને કંડારે છે જ્યારે પ્રેમ જીવન ને કંડારે છે. પ્રેમ વિનાનું સમર્પણ અધૂર છે અને સમર્પણ વિનાનો પ્રેમ અધૂરો છે.

આજના માનવે ગઈકાલ ની વિશાળ ધરતીને સાવ નાની બનાવી દીધી છે. ગઈકાલના વિશાળ આકાશને આજે એણે ઘરના આંગણ જેવું બનાવી દીધું છે ? અમેરિકા, ઈંગ્લેન્ડ, જર્મન, ફ્રાંસ એ બધાને એક જ દિવસની મુસાફરીમાં પહોંચી વળવાની તાકાત કેળવી છે. અવકાશો વચ્ચે ના અંતર અટકાવવા એને પૂર્ણ સફળતા મળી છે, ધરતીના છેડાને ઘરના છેડા જેવો એ બનાવી શક્યો છે. પણ અફસોસ, આ બધાય અંતરો ઘટાડતાં એણે એક એવું અંતર વધારી દીધું છે કે જે અંતર ફરી ક્યારે પુરાશે એ પ્રશ્ન છે.

એ અંતર છે, હૃદય હૃદય વચ્ચેનું એક હૃદય બિજા હૃદયને ચાહી શકશે નથી. એક હૃદય બીજા હૃદય ને પ્રેમ આપી શકતું નથી એક હૃદય બિજા હૃદયને સહાય કે સહાનુંભુતિતા બે મિઠા શબ્દો પણ આપી શકતું નથી.

આજ નાં માનવને અમદાવાદથી, મુંબઈથી, દિલ્હીથી કે લંડન થી ટેલીફોન જોડીને વારંઘડીએ વાતો કરવાનું મન થાય છે. પણ એજ માનવીને આવે પોતાના પડોશી જોડે વાતો કરવા જેટલો સમય નથી મળતો. ને સમય મળે છે તો યે એવાની જોડે વાતો કરવામાં એતો પોતાનો મોભો નીચે ઉતરી જવાનો ભય રહેતો હોય એવું લાગે છે. ત્યારે મન થાય છે કોણ પ્રેમ વિનાનો માનવી ! હૃદય વિનાનો માનવી !

પ્રેમ તો સમાની ધરતી ઉપર ઉગી નીકળતી પુષ્પવેલ છે. **ઉઠો ત્યારે વિચાર કરો... વિશ્વમાં બધાજ મારા મિત્ર છે, બધાતે હું ચાહું છું, બધા મને ચાહે છે.**

સુઓ ત્યારે વિચાર કરો વિશ્વમાં મારું કોઈ શત્રુનથી. આખુ વિશ્વ મિત્રોથી ભરેલું છે સહુ મારૂ હિત ચાહે છે, હું સહુંનું હિત ચાહુ છે સર્વત્ર પ્રેમ છે. માનવભવ સદ્ગણોની કમાણી કરવા માટે મળ્યો છે, સદ્ગુણો પ્રેમભાવ વિનાં મળી શકતાનથી પ્રેમ એ પાયો છે. સદ્ગુણો એ ઈમારત છે. પ્રેમ એ મૂળ છે, ચારિત્ર એ વૃક્ષ છે પ્રેમવિનાં સાધનાં શકય નથી, સાધનાનો ધબકાર પ્રેમ છે.

સમાજનો વહીવટ જવાબદારી પૂર્વક કરવા માટેજ પદાધીકારોઓની નિમણુંક થાય છે. અને એ બધા પદાધીકારીઓની ફરજ બની રહે છે કે સમાજના કાર્યોને ખૂબજ ખંતઅને જહેમત થી સંભાળે, આ માટે પદાધીકારીઓ પોતેજ પોતાના વખાણ કરે તે અશોભનીય ગણાય. વ્યવસ્થિત વહીવટ થાય તે માટે જ કાર્યકારીણી સમિતી હોય છે. દરેક કાર્યકર્તાઓ જવાબદારી પૂર્વક કાર્ય સંભાળે છે. સમાજ ને સમાજ ના લોકો માટે વહિવટ થાય તે મહત્વનું છે. પોતાની પેઠી કે મિલકત નો વહીવટ કરતા હોય તેવું વર્તન પદાધીકારીએ રાખવું ન જોઈએ. સમાજમાં પદાધીકારીઓનાં પ્રેમ–સમર્પણ ભાવ ન હોય તો સમાજ ને માટે નુકસાન કર્તા બને છે. સમાજનો વહીવટ સમાજ બધા માટે છે એ ભાવનાથી કરવાનું હોય છે.

સમાજ અડીખમ ઉભો છે તો એ તમામ સભ્યોના સમર્પણ અને પ્રેમ ને એકતાની ભાવનાથી ઉભો છે. વ્યક્તિઓ આવે છે જાય છે. સમાજ ત્યાં નો ત્યાંજ રહે છે. નફો કોઈ વ્યક્તિ દ્વારા નથી થતો નફો સમાજ ના ગૌરવ ભર્યા વાતારણ થી, દરેક જાતની પ્રાપ્ત સગવડોથી થાય છે. કોઈ વ્યક્તિને કે પદાધીકારી ને જોઈને કોઈ નફો પ્રાપ્ત નથી થતો. બલ્કે પદાધિકારીનાં અયોગ્ય વર્તનથી સમાજ ને નુકશાન જ થાય છે, માટે કોઈપણ વ્યક્તિ કે સભ્ય સાથે અવિવેક ભર્યું. વર્તન ન કરવું જોઈએ. **"પ્રેમની સગાઈ સબસે ઊંચી".**



# મંત્રીશ્રીનો અહેવાલ

**અમૃતલાલ ભાણજી નિશર**

શિયાળાની ઋતુ લગભગ પૂર્ણ થવા આવી છે. શિશિર માસ ચાલી રહ્યો છે. આ માસની અંતર્ગત વસંત-પંચમીનો પવિત્ર-પર્વ આવે છે, જેને જ્ઞાન-પંચમી પણ કહેવાય છે. વિદ્યા, બુદ્ધિ, જ્ઞાન અને વાણીની સરસ્વતી અધિષ્ઠાત્રી દેવી છે. એટલે જ્ઞાન તથા કલાની ઉપાસના તથા સિદ્ધિ પ્રાપ્ત કરવા શિશિર માસ તથા ખાસ કરીને વસંત-પંચમીનો દિવસ ખૂબજ મહત્વનો ગણાય છે.

પરીક્ષાઓનો સમય નજદીક આવી રહ્યો છે. બાળકો તથા વાલીઓ સહુ તૈયારીઓમાં વ્યસ્ત થઇ ગયા હશે. ૨૬ મી જાન્યુઆરીને દિવસે **શાંતી પ્રાયમરી સ્કૂલ** નાં વિદ્યાર્થીઓએ શ્રી કચ્છી ભવનનાં પ્રાંગણમાં ધ્વજવંદન તથા મનોરંજનનો કાર્યક્રમ ખૂબજ સરસ રીતે ઊજવ્યો. સમિતિનાં સંચાલક શ્રી વિપુલભાઇ તથા બાળકોને ખૂબ ખૂબ અભિનંદન. **માનવમિત્ર સમિતિ** દ્વારા પણ ધ્વજવંદન તથા બાળકો માટે ભોજનનો કાર્યક્રમ આશ્રમમાં ઉજવ્યો. એમને પણ અભિનંદન વિસ્તૃત અહેવાલ સમિતિઓનાં સંચાલકો અન્યત્ર આપશે.

આંધ્ર પ્રદેશ **કચ્છી વીશા ઓસવાલ** સમાજ દ્વારા એક કચ્છી નાટક **ખટ્ટી મેઠી જેંદગી** નું આયોજન શ્રી કચ્છી ભવનમાં કરવામાં આવ્યું. સમાજનાં ઘણાં સભ્યોએ મનોરંજનનો આનંદ માણ્યો.

નવા કાર્યક્રમનાં પ્રયત્નો ચાલુ છે. નક્કી થયે જાણ કરવામાં આવશે. મંડળનાં કાર્યો રાબેતા મુજબ ચાલે છે. જુન-જુલાઈ ની બુકીંગ પણ થઈ રહી છે. આવાસગૃહમાં રંગનું કાર્ય પૂર્ણ થવાને આરે છે. વસ્તી પત્રકનાં ફોર્મ જેમણે ન મોકલાવ્યા હોય તેમને મોકલવા વિનંતિ.



# મહિલા સમિતિ

સંચાલિકા : શ્રીમતી ખુશાલી જયેશ નાગડા
સહ સંચાલિકા : શ્રીમતી અવની અનિશ છેડા

***માયા તૂ, મમતા તૂ, શક્તિ તૂ, ભક્તિ તૂ, તને નમે સૌ દેવ અને દાનવ,***
***તારા રૂપ અનેક, નારી તૂ નારાયણી***

મહિલા સમિતિ સ્ત્રી ના પૂજનીય અવતાર ને નમન કરતા તા. ૫ માર્ચ ૨૦૧૧ શનિવાર ૩.૦૦ વાગ્યે થી સ્થળ : કચ્છી ભવન, મહિલા દિવસ નિમિત્તે રજુ કરે છે.

**દેરાણી + જેઠાણી** V/S **નણંદ + ભોજાઈ, નો મુકાબલો**

જેમાં બન્ને પક્ષ મજા કરશે, મસ્તી કરશે અને કોણ-કોણાથી ચડીયાતો છે એનો પૂરાવો આપશે. જીવનના આ ખાટા-મિઠા સંબંધ ને હમેંશ માટે સુમધુર બનાવવાનો, એક નાનો પ્રયાસ છે જેને સફળ બનાવવામાં તેમો બધા અમારા સહયોગી બનશો.

વહેલા તે પહેલા ના ધોરણે ફક્ત ૨૦ ટીમ ના નામ લેવામાં આવશે, ફક્ત સગા અને કાકાઈ દેરાણી+જેઠાણી તથા નણંદ+ભોજાઈ ભાગ લઈ શકશે. ગ્લોબલ વોરમીંગ ને ધ્યાન માં રાખતા Blue + Green ની થીમ રાખવામાં આવે છે, તો બધા એને અનુરૂપ વસ્ત્રો પહેરી આવશો.

જય જીનેન્દ્ર....



## માવજત સમિતિ

સંચાલક : **કીર્તિ કાપડીયા, ૯૩૯૧૦ ૧૨૯૬૯**
સહ સંચાલક : **વલભજી સાવલા, ૯૩૯૦૯ ૯૨૮૧૧**

**મહાવીર આયુર્વેદીક ક્લીનીક –** ડૉ. મીનાક્ષી અગ્રવાલ આપણા ક્લીનીક માં જોઈન્ટ થયા છે. દવાખાના નો સમય ૧૦.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી રહેશે. જેની નોંધ લેશોજી.

**મેડીક્લેમ ઈન્યુરેન્સ –** જેમ પહેલા પણ જણાવેલ કે નવા નવા કાયદા ક્લેમ વખતે આવે છે. જેમ આપણે ધારીયે છે. એટલુ પુરૂ ક્લેઈમ મળતુ નથી. ધ્યાન રાખવા વીનતી. ત્રણે દવાખાનાં રાબેતા મુજબ ચાલુ છે.



## મનોરંજન સમિતિ

સંચાલક : **પંકજ હીરજી સાવલા**
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

આષાઢી બીજ (કચ્છી નવુ વર્ષ) નિમિત્તે એક કાર્યક્રમ તારીખ ૩–૭–૨૦૧૧ રવિવાર નાં દીવસે કચ્છી ભવન માં આયોજન કરવાનુ નક્કી કરેલ છે. જેમાં હશે દરેક વર્ગ ને આવરી લેતો મનોરંજક હરીફાઈઓ નું કાર્યક્રમ પ્રોગ્રામ ને લાગતી કોઈ નવી હરીફાઈ, સુચનો અને વિચારો આવકાર્ય છે, સમાજ ની એવી કોઈ વ્યક્તિ જેમાં વિશેષ ટેલેન્ટ હોય તે પોતે અથવા કોઈ અન્ય એમનુ નામ અને જે ફીલ્ડ માં અગ્રસર હોય એનુ ડીટેલ આપ નીચે જણાવેલ એડ્રેસ પર મોકલી શકે છો, એવા વ્યક્તિ ને યોગ્ય પ્રોત્સાહન આપવા પ્રયત્ન કરીશું. Message : 98497 47625 E-mail : pankajhsavla@yahoo.com

DiVA
...exclusive Designer Wear
Kunjal Shah -7799556780
# 4-2-578, Left Lane of NILGIRI MITHAI,
Police Station Lane,
Badichowdi, Hyderabad.

NEW SUMMER COLLECTION

Execlusive Designer Kurtis
Pastel Shades Kurtis
Designer Silk Kurtis
Kitty Party Kurtis
Smart Style Kurtis
Indo - western Kurtis
College Wear Kurtis

Execlusive Designer T - Shirts
Casual T - Shirts
Shrug Tops
Dhoti Leggings
Afgani Leggings
Printed Leggings
Original Denim Leggings

100% Guarantee for not getting bubblings on leggings

# સંસ્થા સમાચાર

☞ **આંધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ સમાજ, હૈદારાબાદ** દ. ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એકમ દ્વારા દક્ષીણ ભારતના મુખ્ય શહેરોમાં કચ્છી નાટકની રજુઆતના મંગલાચરણ સ્વરૂપે સૌ પ્રથમ હૈદરાબાદમાં કચ્છી નાટક **ખટ મઠ્ઠી જેન્ધગી** ની રજુઆત શનિવાર તા. ૨૯-૧-૨૦૧૧ ના કચ્છી ભવનમાં કચ્છી માનવ મહેરામણથી ખચાખચ ભરાયેલા હોલમાં ખૂબજ ઉમંગપૂર્વક થયેલ. આ પ્રસંગે હૈદરાબાદ ખાતે નાટકના મુખ્ય સ્પોન્સર દાતા શ્રીમતિ મણીબેન રતનશી પ્રેમજી ગોગરી પરિવાર વતી શ્રીમતિ સરલાબેન અને શ્રી પ્રફુલ્લ રતનશી પ્રેમશી ગોગરી તથા અલ્પાહારના દાતા મે. નીલગીરી સ્વીટ એન્ડ નમકીન ના શ્રી હસમુખભાઈ અને શ્રી તનસુખભાઈ દેઢીયાનું તથા નાટકના દિગ્દર્શકો શ્રી વસંત મારૂ અને શ્રી વિજય ગાલાનું સન્માન શ્રી આંધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ સમાજ દ્વારા કરવામાં આવેલ મુંબઈ થી આવેલ કલાકારો તેમજ મહેમાનો માટે ફ્રી રહેવાની સગવડ કરી આપવા બદલ શ્રી અમૃત અતિથી ગૃહના સંચાલકો નો આભાર તેમજ ખટ્ટ મેઠ્ઠી જેન્ધગી નાટકના પ્રોડ્યુસર શ્રી કચ્છ યુવક સંઘ મુંબઈ રૂપાંતરકાર ડૉ. વિશન નાગડા, દિગ્દર્શકો શ્રી વસંત મારૂ તથા શ્રી વિજય ગાલા, ભાગ લેનાર કલાકારો, દાતાઓ. તેમજ કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક અભિનંદન સહ આભાર માનીએ છીએ. તા. ૧૫ અને ૧૬ જાન્યુઆરી ના ગદગ (ઉ. કર્ણાટક) માં યોજાયેલ યુથ કેમ્પ માં હૈદરાબાદ થી ૪૫ યુવક-યુવતીઓ એ ભાગ લીધેલ. એંટરટાઈનમેંટ કે લીયે કુછ ભી કરેગા ? ના પ્રોગ્રામ માં આંધ્ર પ્રદેશ ને પ્રથમ ઈનામ મળેલ. યુથ કેમ્પ ના ખર્ચ ને માટે નીચે મુજબ ના અનુદાન મળેલ. રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી ઉર્મીલાબેન પોપટલાલ કેશવજી છેડા, રૂા. ૫,૦૦૦/- શ્રીમતી લીલમબેન ધીરજલાલ ટોકરશી કાપડીયા, રૂા. ૫,૦૦૦/- શ્રીમતી પ્રભાવતી ચીમનલાલ લાલજી ગાલા, રૂા. ૫,૦૦૦/- શ્રીમતી ગુણવંતી તલકશી ભાણજી ગડા. ગદગ મધ્યે યોજાયેલ દક્ષિણ ભારત કચ્છી વિશા ઓસવાલ જૈન એકમ ની કારોબારી સમિતી ની મીટીંગમાં હૈદારબાદ થી ૭ કારોબારી સભ્યો હાજર રહેલ. આગામી મહાસંમેલન હૈદરાબાદ ખાતે કરવાનું નક્કી કરવામાં આવેલ.

☞ **શ્રી ભલારા ભક્તી મંડળ, હૈદરાબાદ** શ્રી ભલારા ભક્તી મંડલ હૈદારબાદ ના ઉપક્રમેં શ્રી ભલારા દાદાના સમુહ પાઠ તથા પ્રસાદી નુ આયોજન ચૈત્રી પૂનમ સોમવાર તા. ૧૮ એપ્રીલ ૨૦૧૧ ના ગોધુલી વેળાએ શ્રી કચ્છી ભવન રામકોટ મુકામે રાખવામાં આવેલ છે. સમુહ પાઠ તથા પ્રસાદીના લાભાર્થી શ્રી મોનીક વિનોદ ધરમશી પરિવાર કચ્છ ગામ સુથરી તરફથી છે. સર્વે ભક્તો ને સહ પરિવાર સમયસર પધારી પાઠ, જ્યોત દર્શન તથા પ્રસાદીનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે. વધુ વિગત માટે સંપર્ક : ગુલાબચંદ પદમશી મોતા ૯૪૪૦૧ ૪૦૪૫૬, લહેરચંદ ટોકરશી લોડાયા ૯૨૪૬૫ ૧૦૬૬, જવેરચંદ માહણ દંડ ૨૪૦૪ ૭૭૭૪, હંસકુમાર રાયચંદ સાયલા ૯૨૪૬૫ ૩૨૫૪૫.

☞ **શ્રીમતિ તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા એવોર્ડ એનાયાત**, સાહિત્ય કલા અને સાંસ્કૃતિક અસ્મિતાના જતન માટે ખર્ચેલું ધન એ શ્રેષ્ઠ દાન છે. કચ્છી ભાષાના સંવર્ધન, જતન માટેનાં પ્રયાસો દ્વારા જ કચ્છી અને કચ્છીયતની અસ્મિતાનું જતન થઈ શકશે તેવો સૂર અત્રે મુંબઈ-મુલુંડ ખાતે યોજાએલ **શ્રીમતિ તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર ૨૦૧૦** નાં એવોર્ડ વિતરણ સમારંભના રંગારંગ કાર્યક્રમમાં કચ્છી સાહિત્યકાર-વકતાઓએ વ્યક્ત કર્યો હતો.

કચ્છી ભાષા, સાહિત્ય, કલાને પ્રોત્સાહિત કરવાનાં નિર્ધાર સાથે વતન થી દૂર મુંબઈ ડુમરાનાં કચ્છી ભાષા સાહિત્ય પ્રેમી શેઠશ્રી વિશનજી હરશી ગાલા દ્વારા વર્ષ ૨૦૦૩ થી આ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનાર સાહિત્યકારો કલાકારોને **શ્રીમતિ તારામતિ વિશનજી ગાલા સાહિત્ય કલા એવોર્ડ** થી નવાજવામાં આવે છે.

મુલુંડના કાલિદાસ નાટ્યગૃહ ખાતે કચ્છીયત થી હર્યો ભર્યો માહોલ વચ્ચે ડૉ. માધુરી છેડાના અધ્યક્ષસ્થાને યોજાયેલ સમારંભમાં કચ્છી ભાષામાં આજીવન પ્રદાન માટે **ડૉ. રમેશ ભટ્ટ રશ્મિ** ને વિશનજી ગાલાના હસ્તે, અન્ય ભાષામાં પ્રદાન માટે **ડૉ. દર્શનાબેન ધોળકિયા** ને શ્રીમતિ તારામતીબેન વિશનજી ગાલાએ, કુધરતજો જાધુ, કચ્છ શ્રેષ્ઠ કચ્છી પુસ્તક (૨૦૦૯) માટે **શ્રી વિશ્રામ એમ. ગઢવી** ને શ્રીમતિ નીમુબેન વિશન નાગડાએ, કલા-સંગીત ક્ષેત્રે પ્રદાન માટે **શ્રી લક્ષ્મીચંદ વસનજી ગોગરી** ને કીરીટ વિશનજી ગાલાએ, રંગોળી કલા ક્ષેત્રે સિદ્ધિ માટે **શ્રી મોહનકુમાર ખટાઉ ડોડેચા** ને બુઝુર્ગ સર્જક શ્રી માધવ જોશી અશ્ક ના હસ્તે દરેક ને રૂા. અગ્યાર હજાર, શાલ અને પ્રશસ્તિપત્ર આપી કચ્છીયતનાં ઓવારણાં લેવામાં આવેલ. આ અવસરે મુંબઈ સ્થિત કચ્છી ભાષાના પ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કચ્છી માટીની મહેક પ્રસારવી હતી.

મુંબઈ સ્થિત વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ, સાહિત્ય-કલા જગતની પ્રતિભાઓ હાજર રહી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. વિશન નાગડા, ડૉ. ગુલાબ દેઢિયા, શાંતીભાઈ રાંભીયા, ચંદ્રકાંતભાઈ કારાણીએ જહેમત ઉઠાવી હતી.

## Shanti Primary School

સંચાલક : **Vipul Harilal Nisar**

26th January 2011, our Republic day was celebrated by Hoisting the Tri color in our own Kutchi Bhavan grounds. It was a memorable day in the annals of our Mitra Mandal. It was a Double Dhamaka. As Flag Hoisting and Sports Day of our School was organized for the first time.

After a disciplined March Past by the students from Nursery to class Vth, the school Correspondent Vipul Harilal Nisar welcomed the gathering of Parents, Students, Trustees, Committee Members and Guests. Amidst cheering and applause our President hoisted the Indian Flag in the premises of the Bhavan. After the National Anthem, in his message Sri Dhanjibhai Sawla spoke about how Mental and Physical development of little children help them to become the future leaders of the society. The school captain Sherya of class V spoke about Republic Day and its relevance.

Shri Harilal Bhimshi Sawla, the Managing Trustee of KMM declared open the Sports Meet.

The energy and enthusiasm of children in their display of Mass Drill, the Karate demonstration and the sports played by them showed the amount of hard work and efforts put in by the Teachers and Principal. The winners were rewarded with Gold, Silver and Bronze Medals. We heartily thank Smt. Kasturben Dhanji Sawla and Smt. Chandraben Harilal Sawla for graciously donating Rupees 2500/- each for the Refreshments and Medals for the students.

The members of Kutchi Mitra Mandal Parents and the Guests thoroughly enjoyed the event by repeatedly applauding the Sporting performance by the students.

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : ડૉ. દિલીપ પ્રાગજી ભાનુશાલી
સહસંચાલક : હરિલાલ ભીમશી સાવલા

ગત માસમાં તા. ૨૬–૧–૨૦૧૧ ના દિવસે પ્રતિવર્ષ મૂજબ માનવમિત્ર સમિતિ મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટર ભાઈ–બ્હેનો તથા સમાજના સભ્યો, આશ્રય આકૃતિસ (School of Hearing Impired) શ્રી નગર કૉલોની મધ્યે આ શાળાના ૨૦૦ બાળકો સંસ્થાના વ્યાવસ્થાપક સાથે ધ્વજવંદન કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થા બાળકો તરફથી ફેન્સીડ્રેસ વોલીન્ટર ભાઇ–બહેનો તરફથી સાંસ્કૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તા. ૨૨–૧–૨૦૧૧ થી ૨૪–૧–૨૦૧૧ ના દિવસોમાં રમતગમત, ડ્રોઇંગ તથા અન્ય રમતો માટે બાળકોને ગીફ્ટ આપવામાં આવેલ. ત્યારબાદ મૈજીક શૉનું આયોજન કરવામાં આવેલ. મંડળ તરફથી રૂા. ૫,૦૦૦/– ની રાશી સંસ્થાને અર્પણ કરવામાં આવેલ. ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા માટે રૂા. ૫,૦૦૦/– ની રાશી ડૉ. રીટા ગાલા તરફથી મળેલ તેમજ અન્ય સખીદાતા તરફથી પણ રાશી મળતાં સ્વરૂચીભોજન સંસ્થા ના બાળકો માટે ભોજનના પેકેટ ની વ્યવસ્થા માટે તારા કેટરર્સ ના શ્રી લક્ષ્મણ ના અમો અત્યંત આભારી છીએ. સૌનો આભાર.

**આશ્રમ માટે દાન**

- રૂ. ૫,૦૦૦/– સ્વ. ચુનિલાલ જગશી ગાલા ના સ્મર્ણાર્થે.
- રૂ. ૨,૫૦૦/– સ્વ. હરખચંદ ખીમજી ગડાના સ્મર્ણાર્થે.
- રૂ. ૧,૩૦૦/– પૂ. સીરીયલ માતા ને નમતા સાવલા નૂખના ભાવિકો તરફથી પહેડી નીમીત્તે.
- રૂ. ૧,૦૦૦/– મુંબઈમાં સ્થાઈ થયેલ હૈદરાબાદ ની નિયાણી બહેનો તરફથી.

**ગૌશાળા માટે દાન**

- રૂ. ૨,૫૦૦/– સ્વ. હરખચંદ ખીમજી ગડા ના સ્મર્ણાર્થે.
- રૂ. ૧,૩૦૦/– પૂ. સીરીયલ માતાને નમના – સાવલા નૂખના ભાવિકો તરફથી પહેડી નીમીત્તે.
- રૂ. ૧,૦૦૦/– મુંબઈમાં સ્થાઈ થયેલ હૈદરાબાદ ની નિયાણી બહેનો તરફથી.
- રૂ. ૧,૦૦૦/– સ્વ. ચુનિલાલ જગશી ગાલા ના સ્મર્ણાર્થે.
- રૂ. ૫૦૦/– ચી. સમિર નેમજી કક્કા તરફથી.

**હોસ્પીટલ માટે દાન**

- રૂ. ૧,૦૦૦/– સ્વ. ચુનિલાલ જગશી ગાલા ના સ્મર્ણાર્થે.
- રૂ. ૧,૦૦૦/– સ્વ. માતુશ્રી મેઘબાઈ મેઘજી મારૂના સ્મર્ણાર્થે. હ. શ્રી ખુશાલ ખીમજી મારૂ તરફથી માનવમિત્ર સમિતિ ને મળેલ ને માટે તેમનો આભાર. ગત માસમાં સ્વ. માતુશ્રી મેઘબાઈ મેઘજી મારૂ ના સ્મર્ણાર્થે હ. શ્રી ખુશાલ ખીમજી મારૂ તરફથી રૂ. ૧,૦૦૦/– ગૌશાળા માટે દાન મળેન તે ભૂલથી રૂ. ૫૦૦/– લખાણમાં આવેલ તે માટે સુધારો આવેલ છે.

**ડાયાલીસીસ માટે દાન (એક ડાયલાસીસ ના રૂ. ૫૦૦/–)**

- ૨ ડાયાલીસીસ સ્વ. હરખચંદ ખીમજી ગડા ના સ્મર્ણાર્થે.
- ૧ ડાયાલીસીસ મૌલીક નેમજી કક્કા તરફથી
- ૧ ડાયાલીસીસ શ્રી રાઘવજી ભવાનજી સાવલા
- ૧ ડાયાલીસીસ મુંબઈમાં સ્થાઈ થયેલ હૈદરાબાદ ની નિયાણી બહેનો તરફથી
- ૧ ડાયાલીસીસ સ્વ. ચુનિલાલ જગશી ગાલા ના સ્મર્ણાર્થે.

**અવશાન નોંધ :**

૧) સ્વ. હરખચંદ ખીમજી ગડા – ઉ.વ. ૬૬ ગામ સાભરાઈ
૨) સ્વ. નાનજી ઉમરશી ધરોડ – ઉ.વ. ૫૯, ગામ ગુંદાલા
૩) સ્વ. ચંદ્રકાંત નાનજી દેઢીયા – ઉ.વ. ૭૫, ગામ ભૂજપુર


સ્વ. નાનજી


સ્વ. હરખચંદ

ઉપરોક્ત સભ્યોના નેત્રદાન અંતિમ ક્રિયા – પ્રાર્થના માટે માનવમિત્ર સહાય રૂપ થયા હતા.

**મૂઠીભર અનાજ યોજના :** ગત માસમાં કુલ્લ ૨૫૦ કીલો ચોખા – ૩૦ કીલો દાળ પ્રાપ્ત થયા હતા ઉપરાંત. ૨૫ કીલો ચોખા શ્રી અમિત ગોગરી તરફથી, ૫૦ કીલો ચોખા તથા ૫ કીલો દાળ સ્વ હરખચંદ ખીમજી ગડા ના સ્મર્ણાર્થે. ઉપરોક્ત અનાજ વિવિધ આશ્રમોમાં પરિવાર તરફથી વિતરણ થયેલ.

**રક્ત દાન :** આપણા સર્વે સભ્યોને વિનંતી કે રક્તદાન ની પ્રવૃતિ ફક્ત આપણા સમાજના સભ્યો પુરતી સીમીત રાખવાનોં નિર્ણય લેવાયો રહેવાથી, સમાજના બહારના સભ્યો માટે રક્તદાતાઓ તરફથી રક્તદાન ની માગણી કરવી નહિ.

**SMS :** થોડા સમયથી આપણા સભ્યોને SMS ધ્વારા માહિતી મળે એવી વ્યવસ્થા કરેલ છે તેનો લાભ ઘણા સભ્યોને થાય છે. પરૂતું હમણા નવા સરકારી Trai ના નિયમો પ્રમાણે જે સભ્યોએ પોતાના મોબાઈલ ના નંબર Do not Disturb (DND) માં એક્ટીવેટ કરાવેલ છે. તેઓને અમો મોકલેલ SMS આવશે નહિ. તેઓને SMS મેળવવા હોય તો Do not Disturb (DND) વ્યવસ્થામાંથી બહાર આવવા માટે D-Activate કરાવવા વિનંતી. આ બાબતમાં કોઈ પણ જાતની તકલીક હોય તો સમાજના કાર્યલયમાં માનવમિત્ર સમિતિ ને લેખીત આપવા વિનંતી. જેઓ સભ્યના મોબાઈલ નંબર બદલાયા હોય તે સભ્યને વિનંતી કે જૂના નંબર સાથે પોતાના નવા નંબર જણાવવા વિનંતી જેથી તેઓને SMS આવી શકે. આપને જણાવવા હર્ષ થાય છે કે (અંસાજો કચ્છ ડોટ કોમ) asanjokutch.com ના સંચાલક શ્રી મનીષ કારાણીએ આપણા સમાજના કોઈ પણ કાર્યક્રમ ફોટા (Social-Religious Etc.) સાથે વિગતવાર તેઓને મોકલનાં Website માં કચ્છી ન્યુસ માં આવી જશે. તેઓએ અહીં ના પ્રતિનિધી તરીકે માનવમિત્ર સમિતિના શ્રી પંકજ વલ્લભજી સાવલા ફોન : ૯૩૯૪૫ ૫૩૧૫૪ ને નિમણૂક કરેલ છે.

## રમત ગમત સમિતિ

સંચાલક : **મનીષ સાવલા** ફોન : ૯૯૧૦ ૨૪૧૦૮

To celebrate Kutchi new year on 3rd july 2011 (Ashadi Beej), Ramat Gamat Samithi has decided to organise sports day with different competition for age 3 year to age 60 years plus, kindly send any suggestion or ideas for the same.

Kindly inform about any young talent who has been performing well in any type of sports or games at state level or national level. We want them to be our role model and encourage others. Congratulations : **Umang Kiran Mota** got 3rd prize in district level inter school skating championship (Rink). We congratulate him for his success.

FLAT FOR SALE
3 Bed Room (1650 Sqft), 3rd Floor
Arihant Gulmohar Apartment, Himayat Nagar, Hyderabad
Contact : 99639 11971
(સૌ.જ.)



Satkar Caterers

SINCE 1998

Taste U'll Love to Eat

Pure Vegetarian Catering

*Padmavathi Namah*

**Rakesh Virchand Nagda**
93466 87608, 92909 52406

**Manish Virchand Nagda**
96180 13690, 92472 55011

**15-2-184/5, Maharajgunj, Hyderabad - 500 012**

(જા.ખ.)



FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

**શ્રી અચલ ગચ્છ જૈન સંઘ ચૈતન્યપુરી,**

**એક અનુભવી બધું કામ સંભાળી શકિ, એવા માણસ ની જરૂર છે.**

**રૂબરૂ મળો અથવા ફોન :**

**દિલીપ કુમાર મોમાયા, ૯૨૪૬૧ ૦૫૫૭૫, ૯૨૪૬૧ ૦૫૫૭૫**

(જા.ખ.)

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)



*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ. S-1157, Aug.09)

*Sailesh G. Shah*
98499 24416, 92906 00990

Denal Digitals

*Gulab Chand Kanji*
98490 51039

• DIGITAL PHOTO & VIDEO • DECORATION • D.J. • BEAUTICIAN • MEHANDI

1-5-41/D, Behind Jain Mandir, Chaitanyapuri, Maruthi Nagar, Hyderabad 500060. (A.P.)

(જા.ખ.)

# વિવિધા

### ભ્રષ્ટાચાચાર

*ખદબદે છે દેશ ભષ્ટ્રચારથી, ભલભલાઓ થઈ ગયા છે સ્વાર્થી*
*જૂક કેડી જડી છે જ્યાર થી, ભાર થઈ છે જીંદગી ત્યાર થી*
*પ્યાર કરવાનો અખતરો તો કરો, ખેલ વું છે ક્યાં સુધી અંગાર થી*
*કોઈનું અભિમાન ટકશે ક્યાંસુધી, વેરના ને ઝેરના વહેવાર થી*
*ભાર થઈ સંસાર પર રહેવું નથી, ભાગી પડશુંક્યાંક બિજાનાંભારથી*
*સ્વર્ગ પણ વસંત ઉભુંથઈ શકે, લાગણી થી, પ્રેમથી, સહકાર થી*

### મૌન નું મહત્વ

બોલવા કરતાં મૌન રહેવું વધું કઠીન છે. જીવનમાં બોલવાનું જેમ મહત્વ છે તેમ મૌન નું પણ એકંદરે મહત્વ છે. મૌન એક અદભૂત તાકાત છે. ઉશ્કેરણી વચ્ચે મૌન જાળવવું એ ખરી કસોટી છે, પરંતુ જેમને કોઈના પ્રત્યે રાગ–દ્વેશ નથી તેઓ ટીકા, નિંદા થી ગભરાતા નથી. મૌન જાળવીને તે સામા માણસને મહાત કરે છે. ટીકા અને નિંદા કરનારો માણસ ઈચ્છે છે કે આની તમામ ઉપર અસર થાય અણે તેમતેનો ઉગ્ર પ્રતિભાવ વ્યક્ત કરે પણ તમે જ્યારે મૌન ધારણ કરોછો ત્યારે તેમનું હથીયાર બુહુ થઈ જાય છે. મૌન એ નબબાઈ નથી, પરંતુ એક અદભૂત તાકાત છે.

### Education does not mean good judgement -

1) Our Expectations can crate a self bu........
2) Many times we confuse intelligence with Goods Judgement
3) A person may have high Intelligence but pour Judgement
4) Choose your advisers carefully but use your own Judgement
5) A person can, and will be successful with or without formal education if they have the 5 cs.
   1) Charactor 2) Commitment 3) Conviction 4) Courtesy 5) Courage.
6) The tragedy is that there are many walking encyclopedias who are living failure.

Intelligence is ... to learn. Skill is an ability. Competence is the ability along with the willingers and desire to apply what is learned. Desire is the attitude that makes a skillfull person competent. May skillful people are in competant. **Ability without the right attitude is wasted.**

The first duty or university is to teach wisdon, nor trade, character not technicalities.

*સંકલન : વસંત પી. શાહ*

## પૂ. રાજબાઈમાની સંલેખના યાત્રા

ધમણ તો ધમણી રહીને બુજ ગયા અંગાર રે ! એરણ ઠમકો રહી ગયો પછી ઉઠ ચાલ્યો લુહાર રે !

સંલેખના અને પંડિતમરણ સુધીની મંદગતિથી યાત્રા કરતાં ૯૨ વર્ષનાં પૂ. માતુશ્રી રાજબાઈને અમે સાક્ષીપૂર્વક સાવ નજીકથી જોયા. આ અભૂતપૂર્વ અનુભવ અમને ત્રણ વર્ષ પહેલાં થયો.

શરૂઆતમાં શંકા આવી કે આ પ્રકારના સ્વેચ્છા મૃત્યુ ને આપઘાત કહી શકાય ? સંલેખનાની સાધનામાં કામ, ક્રોધ, માન, લોભ, માયા વિ. જેવા કષાયો ક્ષીણ થાય તો જ સંથારાની–મૃત્યુ ઈચ્છાની સાર્થકતા. સંસારના દુઃખો, શારીરિક વ્યાધિઓ અને જીવનની વિપરીત પરિસ્થિતિઓથી ગભરાઈને મરવાની ઈચ્છા કરવી એ કાયરતા છે. એ રીતે મૃત્યુ પામવું એ આપઘાત છે. સંલેખના એ પંડિત મરણની તૈયારી છે. શહીદ

થવું કે આપઘાત કરવો એ તો અનેક કષાયોનો સામાન મૃત્યુ પછી બીજા ભવમાં સાથે લઈ જવાની વાત થઈ.

**રાજબાઈની સંસારિક જીવનયાત્રા :** નાની વયે એમનાથી વીસ વર્ષ મોટી વ્યક્તિને પરણ્યા. ત્રણ સંતાનો થયા. મોટો દીકરો જન્મ વખતે મગજમાં ઈજા થવાથી માનસિક રીતે અવિકસીત થયો પણ પાંચમી સુધી એને ભણાવી, પ્રમાણિક્તા અને મહેનત કરવાના ગુણોને લીધે એને કામે લગાડી એના જેવી સ્ત્રી સાથે લગ્ન પણ કરાવી આપ્યા. દીકરીને મેટ્રીક ભણાવી પરણાવી. નાનો દીકરો ઈંજિનિયર થયો ને પછી નાની ફેક્ટરીનો માલિક. એને પરણાવ્યો. બન્ને દીકરાને દીકરા આવ્યા. મોટા પૌત્રને નોકરીએ લગાડી પરણાવ્યો. પરદાદી બન્યા. નાનો પૌત્ર માર્કેટીંગ ઈંજિનિયર થઈ એમ.બી.એ. થયો.

કુટુંબનો મુખ્ય આધાર નાના દીકરાનું ભરયુવાનીમાં ૩૯ વર્ષની આયુમાં કેન્સરથી મૃત્યુ થયું. ત્યાર બાદ પતિને ખોયા. મોટા દીકરાને-પુત્રવધૂને અને એમના અતિ પ્રિય એવા નાના ભાઈને આ સંસારમાંથી વિદાય લેતાં ભારે હૃદયે જોયા. જાણે એ એકલા થઈ ગયા ! એમના જીવનના છેલ્લા પાંચ વર્ષનો મોટા ભાગનો સમય એમની દીકરીના કુટુંબ સાથે ગાળ્યો.

**આધ્યાત્મિક યાત્રા :** રાજબાઈમા આઠ કોટિ પક્ષના જૈન સ્થાનકવાસી. ચુસ્ત. એમની પ્રખર યાદશક્તિ. ૯૨ વર્ષની ઉંમરે પણ સ્વાધ્યાય વાંચન કરે. મોઢે પ્રતિક્રમણ-સામાયિકનો રોજ નિયમ.

સંઘર્ષ કરતાં સંસારના સર્વ સુખદુઃખ એમણે અનુભવ્યા હતા. સંસારની અસારતાની અનેક સજ્જાયો એમને મૌખિક યાદ. ૮૮ વર્ષની ઉમરે એમણે ૪૦૦ એકાસણા કર્યા. નબળાઈ લાગતાં કુટુંબીજનોએ એ બંધ કરાવ્યા. ત્યારબાદ પેટની તકલીફને લીધે આંતરડાનું ઑપરેશન કરાવવું પડ્યું. બે વાર પડી જવાથી ખભાના અને કુલાના હાડકાના ફેક્ચર થયા. છેલ્લી ઉમરમાં શારીરિક કષ્ટ સહ્યા પણ એમની રીકવરી શક્તિ ગજબની સહન શક્તિ અને હિંમત પણ હિમાલય જેવી. ૯૨ વર્ષની ઉમરમાં પણ એ જાણે દોડતાં જાય. જાડા ચસ્મા પહેરી બટન પણ ટાંકે અને કામની વાતો બરાબર સાંભળી લે.

એક દિવસ એમણે દૃઢતાથી જણાવ્યું. મારે ડોશીને હવે શું કામ છે ? સંસારની બધી બાજી જોઈ લીધી છે. સંથારો લેવો છે. એમની સૂચના મુજબ સીત્તેર વર્ષના એમના વિદ્વાન ભાણેજ શ્રી બાબુભાઈને ઘરે સપત્ની બોલાવી સંથારા વિષે વિસ્તારથી ચર્ચા થઈ. એમની સલાહ હતી કે સંથારા માટે મુંબઈનું ઘમાલીયું અને કૌટુંબિક વાતાવરણ યોગ્ય નથી. કચ્છ મુંદ્રા તાલુકાના બારોઈ ગામમાં પૂજ્ય ગુરુદેવનું માર્ગદર્શન અને આશીર્વાદ મળશે. બારોઈ ગામમાં રહેવા માટે બધી વ્યવસ્થા સગવડવાળા આરોગ્યધામમાં થઈ જશે. નિર્ણય પાકો થયો. રાજબાઈમાએ ઉપવાસ શરૂ કર્યા. કચ્છ એક્સપ્રેસની ટિકિટો આવી ગઈ. આરોગ્યધામમાં બુકીંગ થઈ ગયું. સગવહાલાંઓને માહિતી મળતાં દૂરના અને નજીકના સૌ પૂમાને મળવા-શાતા પૂછવા આવવા લાગ્યા. સંસારની કોઈ ચર્ચા નહીં. વાતાવરણને ધાર્મિક અને આધ્યાત્મિક રાખવામાં આવ્યું. તેમ છતાં નિકટના સ્વજનોમાં અમુકને ભાસ થયો કે પૂ. રાજબાઈમાના આ અંતિમ દર્શન છે. એ તો દૂર ચાલ્યા જશે. એમની આંખોમાં આંસુ હતા. પરંતુ મુંબઈના આ દશ દિવસના ઉપવાસમાં એમના મુખ પર શાંતિ અને સમતા. એમની માયા એમના પ્રપૌત્ર અને પૌત્રને જોવામાં રહી ગયેલી. આઠમા દિવસે પૌત્ર આવ્યો મળવા. પ્રપૌત્ર આઠ વર્ષનો પણ એની પરદાદીની અપેક્ષા પ્રમાણે એમના પ્રેમનો પ્રતિસાદ પાકો થઈ ગયો. દશમા ઉપવાસે કચ્છ એક્સપ્રેસની યાત્રા સકુશળ કરી બારોઈ ગામ પહોંચી ગયા.

પૂ. મહારાજ સાહેબ આચાર્ય રાઘવજી સ્વામી ગામના ઉપાશ્રયમાં એમના શિષ્યગણ સાથે બિરાજમાન હતા. રાજબાઈમાના નિવાસસ્થાને પધારી સંથારો કરવાની એમની ઊંડી ભાવના સમજી એમણે સલાહ આપી રોજ એક ઉપવાસના જ પચ્ચખાણ લેવા અને પ્રગતિ જોવી. ટોયલેટ વાપરવાની અને ઓછા પાણીથી સ્પંજ કરવાની છૂટ આપી. પૂ. મહાસતી નીનાબાઈ સ્વામી પણ માને જોવા પધાર્યા. રોજ બે વાર સાધ્વીજીના

પચ્ચખાણ આપે, ઊંચા ભાવ રાખવા કહે, એમના હાથે ગોચરી વહોરાવે, માંગલિક સંભળાવે.

આખું ગામ માના દર્શન કરવા આવે. બાળ મંદીરમાં ભણતા બાળક અને સીવણ ક્લાસની બાળાઓ પણ. બીજા ગામોથી અને એમના સ્વજનો મુંબઈથી મળવા આવે. વાતાવરણમાં અદ્ભુત આધ્યાત્મિક્તા. સાંસારિક અને કૌટુંબિક કોઈ વાતચીત કે ચર્ચા નહીં.

ડિસેમ્બર–જાન્યુઆરીની શીતળતા. ખૂબ જ આહ્‌લાદક વાતાવરણ. રહેવાના બ્લોકની બહાર ચોકમાં આંબાના–લીમડાના લીલાછમ વૃક્ષો. કોયલ કૂંજે અને મોર ત્યાં ટહૂકા કરે–નૃત્ય કરે. ઘટાદાર વૃક્ષોમાંથી છંટાઈને આવતા સૂર્યકિરણો. આવા શાંત અને રમણીય વાતાવરણમાં પૂ. રાજબાઈમાના ઉપવાસોમાં પ્રગતિ થઈ. એમણે એક પછી એક એમ ૬૦ દિવસના ઉપવાસમાં માત્ર એક જ વાર સંસારની વાત કરી જ્યારે એમના અતિપ્રિય દિવંગત નાનાભાઈનું કુટુંબ મુંબઈથી મળવા આવ્યું. એ બોલેલા, જુઓ મારા ભાઈ વલ્લુનું કુટુંબ આવ્યું. એક દિવસ પિત્તની ઉલટી થઈ. માનસિક રીતે ખૂબ મક્કમ, ઉત્સાહી, સમભાવમાં, પૂર્ણ શાતામાં.

સંલેખણા કરતાં પાંચ પ્રકારના અતિચારથી સાવધ રહેવાનું હોય છે. પૂ. રાજબાઈમા મોટે ભાગે ખરા ઉતર્યા. એમને લૌકિક કે ભૌતિક સુખ મલે, પરલોકમાં દેવગતિ મળે કે આટલા બધા દર્શનાર્થી મળવા આવે છે એટલે વધારે જીવવાની ઈચ્છા પણ એમણે ક્યોરેય નહોતી દર્શાવી. માત્ર બે વાર એમનામાં ઢીલાશ નજરે આવી. એમના ભત્રીજા–વહુ મુંબઈથી પોતાનું કુટુંબ છોડી માની આ આધ્યાત્મિક સાધનામાં સેવા આપવા શરૂઆતથી એમની સાથે હતા. એમને જૈન ધર્મનું ઊંડું જ્ઞાન અને જગબની સ્મરણશક્તિ. સર્વ સૂત્રો, સ્તવનો, જૈન ધર્મના સિદ્ધાંતો એમને યાદ. રાજબાઈ માએ બે વાર પોતાનો અફસોસ વ્યક્ત કરતાં કહ્યું કે હજી મારા દેહનો અંત નથી આવતો, જુઓને કેટલા દિવસ થયા કુસુમ બિચારી પોતાનું ઘર છોડી મારી પાસે આવી છે.

